સાલ : ૫ / સિલસિલાવાર નંબર : ૫૯ / શુમારો : ૧૧ بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુલ પાના - ૧૬

# الهادي THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ ઝીલકાદ ૧૪૨૯ હી., ૨૯-૧૦-૨૦૦૮

## -::: મૌતુલ આલિમ મૌતુલ આલમ :::-

*ગિરાઁ કદ્રથી દર અસ્લ તેરી હયાત,*
*હૈ હિમ્મત કા નુકસાન તેરી વફાત.*

**⌘ અલ્લાહના વલીઓ : મુમેનીન વાસ્તે મશ્અલે રાહ :**

અલ્લાહતઆલા એના વલીઓ માંથી બાઝને એ દરજો અને ફઝીલત બખ્શે છે કે, એની મુખ્તસર ઉમ્રમાં શોહરત અને મકબૂલીયતની નહેજ પર એની નામવરીને પહોંચાડી દે છે. ઈન્સાન પોતાના સમાજમાં એક હયવાનની મિસિલ છે કે, જે પોતાની ઝિંદગીથી બીજાઓની ઝિંદગીમાં પણ હરારત, હરકત અને ઈસારની જાન ફૂંકે છે. ઈન્સાનના હરએક આઅઝા એની ઝિંદગીમાં સહી ખિદમતે ઈન્સાનીયત બજા લાવે તો જ એના ઈમાનની ટોચ ઉપર પહોંચે છે અને હકીકતે હયાતથી વાકિફ થાય છે. અલ્લાહતઆલાના બરગુઝીદાહ અને મુત્તકી બંદાઓ ફક્ત ઈબાદતો ઝોહાદત તેમજ રોઝા-નમાઝના અહકામના જ પાબંદ નથી હોતા પણ પોતાના તમામ આઅઝાઓથી હત્તલ ઈમ્કાન માઅરૂફ ના અમલ કરીને ખિદમતે ખલ્ક, કૌમી ફૈઝો ફલાહની તદબીર અને બેહબૂદીએ મિલ્લતને વાસ્તે મશક્કતે ખાસના ઝૈવરથી આરાસ્તા થાતા હોય છે. **એ પોતાની કીમતી ઝિંદગીમાં જમાઅતની આબાદીના ગુલિસ્તાનમાં તરક્કીના નુગહતદાર ફૂલો ખિલાવતા હોય છે** જેની દિલકશ રંગત અને ઝહેનઆલૂદ ખુશ્બૂ આવનારી નસ્લ વાસ્તે ફાયદો આપતા રહે છે. આ કૈફીયતના મરદોની તાઅરીફ, અલ્લાહતઆલા કૌમી ઈજતેહાદ અને આપસી મદદના મફહૂમને આયતે કુરઆનીમાં બયાન ફરમાવી છે, જેમાં અલ્લાહતઆલા સાથે એક મુમિન પોતાની ઝિંદગીની નૈક રવિશનો અહદો પૈમાન કરે છે અને એ તરહના રસ્તા પર પોતાના કદમને લઈ જાય છે જે મુસ્તકબિલમાં આવનારી નસલો વાસ્તે મશ્અલે રાહ બને છે.

*ખિદમતે કૌમ પે સરગર્મ જો ઈન્શાઁ ન હુવા,*
*તાબએ કૌલે મોહંમદ વો મુસલમાઁ ન હુવા,*
*પૈર વો પૈર નહીં જો ન બઢે જાનિબે કૌમ,*
*સર વો સર હી નહીં જો કૌમ પે કુરબાઁ ન હુવા.*

**⌘ મુકાસિરે દાઅવત સૈયેદી હુસૈન મોઈનુદ્દીન સાહબ (દા.મ.) અને આપની શખ્સીયત :**

મુકાસિરે દાઅવતે હક્ક એક એવી જ માયએ નાઝ હસ્તી હતા અને દાઅવતે હાદીયાહના ચમનિસ્તાનના દિલઆવૈઝ અને ઝહેનને તરો તાઝા કરનાર ફૂલ હતા. આપે ૧૬ વરસ તક દાઅવતે હક્કનો “કસર” નો રૂત્બો અજબ શાન અને શાકેલતથી નીભાવો. આપ સાહબે દાઈયુઝઝમાન (ત.ઉ.શ.)ની ઈતાઅત અને ઊમૂરે સાહબે દાઅવતના દાએરામાં ફક્ત ખિદમતે રમઝાનીયત અને હુસૈનીયત જ નથી નિભાવી પણ અલ્લાહતઆલાએ આપને વાસ્તે ડૉક્ટરીની ખિદમતે ખાસ કીધી હતી. તે વાસ્તે આપે મુમેનીનના મરીઝ અને બીમારોની શિફા, ઈલાજ-મુઆલેજા અને મદાવા વાસ્તે એક જિસ્માની તેમજ રૂહાની ડૉક્ટરની હૈસીયતમાં **બેલૌસ અને ગૈરમતલબો ગરઝની મુખ્લેસાના ખિદમત અંજામ આપી.** જમાઅતના મુમેનીન પણ ખુસૂસન મુંબઈના અહલે જમાઅત આપની જે ઈઝઝતો અઝમત દાઈયુલ્લાહિલ અમીનના ફરઝંદે અરજુમંદ અને સાહબે અમ્રની શાનમાં કરતા હતા એટલો જ એહતેરામ આપનો તમામના દિલોમાં એક શિફાના મસીહા અને વસીલાની હતી.

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**અકલમંદનો સીનો એના ભેદોની પેટી છે.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***મૌતુલ આલિમ મૌતુલ આલમ.....***

*સબ હસતે થે, તું રોતા થા, જહાન મેં જબ તું આયા,*
*બસર કર ઐસી ઝિંદગી, સબ રોયે, તું હસતા જા.*

**✷ આપની ખસલતો અને મરતબો :**

મુંબઇ શહેરમાં ૨૦ વરસ પહેલા મુકીમ થયા બાદ આપે આપના ડૉક્ટરીના મૈદાને અમલમાં તરક્કીની મંઝિલ સર કરવાની જારી રાખી અને થોડા જ વક્તમાં મુંબઇની મશ્હૂરો માઅરૂફ હોસ્પીટલમાં કન્સલ્ટીંગના રવાબિત કાઇમ કરી દીધા. ફક્ત જમાઅતમાં જ નહીં પણ ગૈર કૌમોમાં પણ સર્જરીના ફનમાં આપે એ મકામે લાસાની હાસિલ કીધો કે, મુંબઇ સેન્ટ્રલ ઇલાકાના સર્જનો અને શહેરીઓમાં આપની ઝિક્રે ખૈર થાવા લાગી. **આપમાં ઇન્કેસારૂલ મિઝાજ, હલીમુત્તબીઅત, ફરહતુલ કલ્બ, બશ્શુલ વજહના ખસાઇલે હમીદા મુનવ્વર-મુઝય્યન હતા.** આપ કોઇથી પણ મીલતા તો રોઅબ અને જલાલ સાથે ખુશમિઝાજીથી અને શીરીં બયાનીથી ગુફતગૂ કરતા અને મુલાકાતીને મોતઅસ્સિર કરી આપના અખ્લાકે મેહમૂદાહના આસાર એના દિલ પર ઉતારતા. અલ્લાહતઆલાએ દુનિયાવી ઊલૂમો ફનૂન સાથે આપના મકામે કરીમને ઝીનત બખ્શી દાઅવતના મઆરિફ અને મઆલિમના ગૌહર જૌહર પણ બખ્શા હતા. આપની શખ્સીયતમાં બે વુજૂહાતની ઝલક હતી. હોસ્પીટલમાં હોય તો જિસ્માની ડૉક્ટરની શાન ઝાહિર થાય અને મુમેનીનને દરમિયાન દાઅવતે હક્કના ઊમૂર અંજામ આપે તો ઊલૂમે ઇલાહીયાહ રબ્બાનીયાહના અન્વારનો મુશાહેદો થાય. આ શાનના મુકાસિરે દાઅવત આજે હમારે દરમિયાન જિસ્માની કાલિબમાંથી ગાઇબ છે. પણ આપનો રૂત્બો ઇસ્માઇલી તૈયેબી દાઅવતના હુદૂદે જિસ્માનીયાહમાં નવમાં નંબરનો છે જે મુમિન-મુસ્તજીબથી મુત્તસિલ છે જોડાયેલો છે અને જેમાં મુમેનીનની અરવાહે સાલેહીનનો મજમાઅ થાનાર છે. તે સબબ હમારા વાસ્તે આ રૂત્બાના સાહબો દુનિયામાં **"જન્નત બિલ કુવ્વાહ"** છે. જે દરજાહ-બ-દરજાહ આઅલામાં આઅલા મકામ પર મુમેનીનની નુફૂસ અને સૂરતને પહોંચાવે છે.

*આઅમાલ નૈકવાલી તમારી આ ઝિંદગી,*
*વિનમ્રતા, વિવેક ભરેલી એ સાદગી,*
*પોતાની ફર્ઝ છોડી નહી છેલ્લા દમ લગી,*
*મકબૂલ કરજે યા ખુદા તું એની બંદગી.*

**✷ અલ્લાહના અંબિયા (અ.સ.) અને તેઓની મુસીબત :**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપના કલામમાં ફરમાવે છે કે, "અંબિયા, ઔસિયા, ઔલિયા, ઇમામો કે આ દરજાના સાહબોના મુઆવિનો-મદદગાર મુમેનીન પર દુનિયામાં સખ્ત ઇમ્તેહાન આવે છે. જેટલો રૂહાની દરજો ઊંચો એટલી જ એના પર બલાઓ આફત, આઝમાઇશ ઝિયાદહ અને શદીદ."

*ગુઝરે મંઝિલે તસ્લીમો રઝા મુશ્કિલ હૈં,*
*જિનકે રૂત્બે હૈં સિવા ઉનકો સિવા મુશ્કિલ હૈં,*
*વાઅદા આસાન હૈં વાઅદે કી વફા મુશ્કિલ હૈં,*
*સહેલ હૈં ઇશ્કે બશર ઇશ્કે ખુદા મુશ્કિલ હૈં.*

તમામ અંબિયા અને મુરસલીન (અ.સ.) જેમ કે, મૂસા કલીમુલ્લાહ, નૂહ નજીયુલ્લાહ, ઇસા રૂહુલ્લાહ, નબી યાહયા, ઝકરીયા, અય્યૂબ, સાલેહ, યૂસુફ (સ.અ.) તેઓને અલ્લાહતઆલા તરફથી ઇમ્તેહાન અને આઝમાઇશનો સામનો કરવો પડો અને આપના લોગોએ આપની નાફરમાની કીધી. આપના પર જૌરો જફા અને ઝુલ્મો સિતમ ઢાયા, પણ આપ તમામ ખંદાપૈશાની અને સબ્રે કામિલથી ઝમાનાના મઝલમાઓ બરદાશ્ત કરતા રહ્યા. **આપ અંબિયા, મકામાતે આલીયાહ પર હતા, તે સબબ આપે કોઇ શિકવા-શિકાયત બારગાહે હક્કમાં ન કીધી.** આ તમામ પોતાના ઝમાનના લોગોના અમલોની સૂરતો અને જાનોના મજમાઅ હતા, તે સબબ મુસીબતો અને મુશ્કિલો પણ ઝિયાદહ હતી, જે બરદાશ્ત કરવાથી આપના માનનારાઓને રાહત મીલવાની હતી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)ને વાસ્તે

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**હસતો ચેહરો મોહબ્બતની જાલ છે.**

*(પેજ નં. ૨ નું બાકી)* **મૌતુલ આલિમ મૌતુલ આલમ.....**

સૂરએ ફત્હમાં અલ્લાહ તબારકહૂ વ તઆલા ફરમાવે છે કે, **"અય નબીયલ્લાહ, હમેં તો તમારા આગલા અને પાછલા તમામ ગુનાહો મઆફ કરી દીધા છે, હમારી નેઅમતને તમામ કીધી છે અને સિરાતે મુસ્તકીમની આપને હિદાયત દીધી છે."** આના બાવુજૂદ આપ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ને વાસ્તે ઈલાહી ઈમ્તેહાન અને રબ્બાની આઝમાઈશ તમામ મુરસલીન કરતા શદીદ અને ભારી હતી. આપની મૌતનો સબબ જંગે ખયબરમાં યહૂદાએ જમનમાં ઝહેર મીલાવવાથી બનો હતો. મૌલાના અલી (અ.સ.) ને ઝાલિમ ઈબ્ને મુલજિમે નમાઝની હાલતમાં ઝહેરીલી તલવાર મારી, આપ બેકુસૂર હતા. ઈમામ હસન (અ.સ.) ને જાઅદાહ બિન અશઅશે મુઆવીયાહના ઈશારાથી ઝહેરે હલાહલ આપું, આપ બેગુનાહ હતા. કરબલામાં ઈમામ હુસૈન (અ.સ.) પર મુસીબતે ઉઝમા નાઝિલ થઈ, આપ ભૂખા-પ્યાસા શહીદ થયા, આપે કોઈને બાલ બરાબર પણ ઈઝા પહોંચાવી ન હતી. મૌલાના ઈમામ આમિર (અ.સ.) મિસિરમાં એક નઝારી ના હાથે તલવારથી ધોકાબાઝીથી શહીદ થયા, આપ આ અંજામથી બાખબર હતા, કેમકે આપ ઈમામે ઝમાના હતા. દોઆતે મુત્લકીન (રિ.અ.) ના ઝુમ્રામાં હિન્દના પહેલા શહીદે આઅઝમ સૈયેદના અલી શમ્સુદીન બિન સૈ.ઈબ્રાહીમ (ક.રૂ.) એ જામે શહાદત નૌશ ફરમાવો અને મુમેનીનના ગુનાહોના બોઝને પોતે બરદાશ્ત કરી તમામ ને આઝાદો મુબર્રા કીધા. **હાસિલે કલામ, દાઅવતે શરીફાહના જિસ્માની હુદૂદ જેની ગિન્તી નબીયુલ્લાહથી શુરૂ થાય છે અને મુકાસિરના દરજા પર રૂકે છે, એ તમામ મુમેનીનને વાસ્તે જ રંજો ગમ અને ઇઝાઓ મહેન બરદાશ્ત કરે છે.** કોઈ ઝહેની તકલીફ, કોઈ ઉમ્મતની નાફરમાનીની તકલીફ, કોઈ જિસ્મના આઅઝાઓની નાદુરૂસ્તગીની મુસીબત અને કોઈ મરઝે લાઈલાજ અને લાદવાના વાકેઅ થાવાનો સદમો રઝાએ ઈલાહીથી સહેન કરી લે છે. આ કયામતના દિન તક અલ્લાહનો દસ્તૂરે અમલ છે, એમાં કોઈ તબ્દીલો તહરીફની ગુંજાઈશ નથી.

*દુનિયામેં આદમી કો મુસીબત કહાઁ નહી,*
*વો કૌન સી ઝમીં હૈ જહાઁ આસમાઁ નહી.*

**✷ મૌત, કાફિરો વાસ્તે અઝાબે શદીદ :**

મૌત બરહક્ક છે, જે ઈન્સાનને એક મંઝિલથી બીજી મંઝિલ અને એક હાલતથી બીજી હાલત તરફ લઈ જાય છે. અલ્લાહતઆલા એ એના પ્યારા નબી (સ.અ.વ.વ.) ને ફરમાવું કે, **"અય રસૂલ, આપને પણ મૌત આવશે અને એ લોગોને પણ મૌત આવશે."** અગર એ લોગો બુરૂજની સખ્તમાં સખ્ત દીવારમાં પણ જાન બચાવવાની કોશિશ કરશે તો પણ મૌત એ લોગોને પકડી લેશે. ફિરઔન મરદૂદે ખુદાઈનો દાઅવો કીધો, એ બોલો કે, **"અના રબ્બોકુમુલ આઅલા"**, શૈખી મારતો હતો કે, હું જ ઝિંદા કરૂં છું અને હું જ મારૂં છું. મૂસા કલીમુલ્લાહે ફિરઔનની સરકશી પર ઘણો સબર કીધો, પૂરા ૪૦ વરસ. અલ્લાહતઆલાએ ધારસ આપી કે, અય મૂસા, **હર ચીઝનો મુકર્રર વક્ત છે, આગાઝ અને અંજામ છે.** મારા હુકમની રાહ જોવ. મૂસા (અ.સ.) બની ઈસ્રાઈલ સાથે મિસિરથી નીકલા, નીલ નદીના પાનીમાંથી ગુઝર કીધો. ફિરઔન અને હામાનએ પોતાના લશ્કર સાથે મૂસાનો પીછો કીધો. ખુદાતઆલાએ મૂસા અને આપની કૌમને બચાવી લીધા અને ફિરઔનીઓને તેના ખોટા ખુદા સાથે નીલ નદીના પાનીમાં ગરક કીધા. શદ્દાદે જન્નત બનાવી. અલ્લાહની જન્નત કરતા પોતાની જન્નત પર ફખર ખાવા લાગો. જન્નતમાં દાખિલ થાવા તેનો પગ આગલ કીધો. અલ્લાહતઆલાએ ઈઝરાઈલ (અ.સ.) ફરિશ્તાને તે મલઊન શદ્દાદની રૂહને કબ્ઝ કરવાનું ફરમાન કીધું. શદ્દાદ તેની બનાવેલી જન્નત જોવા વાસ્તે બાકી ન રહ્યો, પણ જહન્નમની ભઠ્ઠીમાં ફેકવામાં આવો. આ છે અલ્લાહની કઝાઓ કદર. અબુ જહલ, અબુ લહબ, ઉત્બાહ, શૈબાહનો અંજામ પણ ઘણો બુરો થયો. મુઆવીયો લઈન મરો તો તેની પૈશાની પર **"કાફિર"** નું લખાણ ઉભરી આવું. યઝીદ મલઊનને ઝમીનની માટી નસીબ ન થઈ. મરવાન, ઉમ્ર બિન સઅદ, ઊબૈદુલ્લાહ અને શિમ્ર કૂતરા અને ખિન્ઝીરની મૌત મરા. મરવાન આજે પણ છીપકલી ની શિકલમાં અઝાબ ભોગવી રહ્યો છે.

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**બેહતરીન સાથી અલ્લાહના ફેસલાથી ખુશ રહેવું છે,**

*(પેજ નં. ૩ નું બાકી)* ***મૌતુલ આલિમ મૌતુલ આલમ.....***

**✷ ઔલિયા (અ.સ.) ની મૌત :**

મૌત, મુમેનીન વાસ્તે રાહત અને તે મુમેનીનને ઈલ્મો અમલના દરજા ચઢાવવા વાસ્તે છે. મુમિનને વાસ્તે મૌત રૌહ અને રયહાન તેમજ મગફેરત-રિઝવાનનો કિલાદો છે. આલિમની મૌત જહાનની મૌત છે. મૌત ઝિંદગીની એક આખિરી મંઝિલ છે અને આખેરતની અવ્વલ મંઝિલ છે. હિકમતે ઈલાહીએ મૌતને વાસ્તે વસીલા અને અસ્બાબ મુકેલા છે. જેથી ઈન્સાન મૌજૂદનો લામૌજૂદ થાય છે. દઆઈમુલ ઈસ્લામ કિતાબમાં સૈ.કાઝી નોઅમાન સાહબ (આ.કુ.) ખમ્સતુલ અત્હાર (અ.સ.) અને ઈમામોથી મૌતના સકરાતના હાલાત અને બીમારીની શિદ્દત તથા તેની કૈફીયતને વાસ્તે બેશુમાર રિવાયતો દરજ કરે છે. મુમિન વાસ્તે મૌત એક રહેમત અને રાહત છે, જન્નતની બશારત આપે છે. અમીરૂલ મુમેનીન મૌ.અલી (અ.સ.) ના શીઆ અને ઈમામ હુસૈન (અ.સ.) ના અઝાદારો વાસ્તે મૌતને વક્ત કોઈ હમ-ગમ નથી. હમારા વાસ્તે વલાયતે અહલુલ બૈત (અ.સ.) ના સબબ નજાતની બશારત મીલી હોય, મૌતને વક્ત મુબશ્શિર અને બશીર એમ બે ફરિશ્તાઓ હમને લેવા આવશે. **મુન્કિરાને વલાએ અલી (અ.સ.) વાસ્તે મુન્કર અને નકીર કાફી છે.** કોઈ પણ હાલતમાં મુમિનને મૌત આવે છે, તો તેને શહીદનો મરતબો મીલે છે અને નબીઓ-વસીઓની એ સોહબત ઈખ્તિયાર કરે છે, જન્નતના દરવાઝા તેના વાસ્તે ખોલી દેવામાં આવે છે. મૌતની ઝિકિર કરવું એક તરહની હસનત છે અને મૌત પહેલા બીમારીની હાલતમાં સબર કરવું પણ હામિલે સવાબ છે.

*સુર્ખરૂ હોતા હૈ ઈન્સાઁ આફતેં સેહને કે બાદ,*
*રંગ લાતી હૈ હિના, પત્થર પે પિસ જાને કે બાદ.*

મુકાસિરૂદ્દાઅવત સૈયેદી હુસૈન મોઈનુદ્દીન સાહબની આ દુનિયામાંથી રહેલત દાઅવતે હાદીયાહ અને જમાઅતના મુમેનીન વાસ્તે એક અઝીમ સદમો છે. આપના ઈન્તેકાલથી એક એવી ખલા અને કમી વાકેઅ થઈ છે જેને દૂર કરવી બેહદ મુશ્કિલ અમર છે. આપની રૂહાની, ઈલ્મી, નફસાની અને જિસ્માની ખિદમત મુકાસિરૂદ્દાઅવતના દરજાના લેહાઝથી અને ડૉક્ટરીના પૈશાના તજરૂબાથી મુમેનીનને દરમિયાન લાસાની અને નાદિર છે. અલ્લાહતઆલા હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ને પોતાના ફરઝંદે બાકમાલની રહેલતથી સબ્રે જમીલ અતા ફરમાવે અને આપની યાદ જમાઅતના હર ફર્દના દિલોમાં તરો તાઝા રાખે અને હમને આપની ખિદમતથી હર વક્ત સબકઆમોઝ થાવાની નેક તૌફીકાતથી નવાઝે... આમીન...

*હઝારો સાલ નરગિસ અપની બેનૂર પે રોતી હૈં,*
*બડી મુશ્કિલ સે હોતા હૈં ચમન મેં દીદાવર પૈદા.* ★

## –::: કલામે પુરદર્દ :::–

**ક્યા મૌત મોઈનુદ્દીન કી થી, યે મંઝર હર સૂ દેખા હે,**
**એક સબ્રો ઝબ્ત કે ધારે કો, હોતે બેકાબૂ દેખા હે,**
**કંધો પે જનાઝા લેકર જબ, દેવડી સે નીકલે સબ મુમિન,**
**હર દિલ કો તડપતા પાયા હે, હર આઁખ મેં આઁસૂ દેખા હે.** ★

રસ્તે સે ઝિંદગી કે યૂઁ ગુઝરના ચાહીયે,
ઈસ તરહ બેહરે ફના સે પાર ઉતરના ચાહીયે,
કૌમ કો હો નાઝ જિનકી ઝિંદગી ઔર મૌત પર,
ઈસ તરહ દુનિયા મેં જીના ઔર મરના ચાહીયે. ★

**તૈયેબ ઝિયાઉદ્દીન કો હાતિમ ઝકીયુદ્દીં કો,**
**સબ્રે જમીલ દેના ઇસ કૌમ કે અમીં કો,**
**કે મૌત તો હૈ બરહક્ક હૈ ઇલ્તેજા ઇલાહી,**
**ભરપૂર જવાની મેં દેના ન તું કિસી કો.** ★

**દુનિયાના બંદાઓના આઅમાલ એના આઁખોના સામે હશે.**

## -::: ચાદરે અશ્આર :::-

દાઅવત કે ગુલિસ્તાઁ મેં ગુલહાએ જમાલી હે,
તૈયેબ ઝિયા મૌલાના દાઈ હે વો માલી હે,
દાઅવત કી ઈમારત કે દાઈ હે રૂકને અવ્વલ,
માઝૂઁ કી મુકાસિર કી બુનિયાદ ભી આલી હે,
રૂત્બે મેં મુકાસિર થે બા ફઝલ ઔર કરામત,
બેમિસ્લ શખ્સીયત કી ખિદમત ભી નિરાલી હે,
દુનિયા સે ગુઝરતેં હૈં વો ફિર નહીં આતે હૈ,
યે રસ્મ અઝલ સે હી અલ્લાહને ડાલી હે.
રહેલત સે મુકાસિર કી દાઈ હે ગમઝદા આજ,
રંજૂર ફરદે મિલ્લત દાની હે ઓર આલી હે,
શવ્વાલ કા મહીના હે તારીખ હે તેરાહવીં,
મસ્નદ યે મુકાસિર કી અબ આજ સે ખાલી હે.
આલી લકબ મુઈનુદ્દીં સે થે આપ માઅરૂફ,
બમ્બઈ મે કરોં ફર સે મિલ્લત કો સંભાલી હે,
માઝૂઁ કે રહે નાસિર, મુમિન કે લીએ મોઈ,
આઅમાલ હુસૈની થે તસ્વીર જમાલી હે.
ફૈઝો કરમ સે અપને મુમિન કો દવા દે કે,
પાઈ થી શિફા જિસ્મને અબ રૂહને પાલી હે,
ફરઝંદ જવાઁ હો કે મર જાએ ન કિસી કા,
હર દિલ કી યે દોઆ હે દાઈ ભી સવાલી હે.
**ઔર ક્યા કહે અબ "હાતિમ" દિલ ઉસકા ઊભર આયા,**
**સદમે મેં કલમ અપની આજ ઉસને સંભાલી હે.** ★

## -::: ફિર નહીં આતા :::-

જો કર ગયા દુનિયા સે સફર ફિર નહીં આતા,
આઁખો સે છિપા જો વો નઝર ફિર નહીં આતા,
જન્નત મેં જો પહોંચા વો ઈધર ફિર નહીં આતા,
તડપા કરે માઁ-બાપ પિસર ફિર નહીં આતા,
ફરઝંદ જવાઁ હોકે ન મર જાએ કિસી કા,
અલ્લાહ ન વીરાન કરે ઘર કો કિસી કા. ★

## -::: ખિરાજે અકીદત :::-

### બશિકલે નઝમ

**તૈયેબ ઝિયા કી આઁખ કા તારા ચલા ગયા,**
**અલ્લાહ ઔર રસૂલ કા પ્યારા ચલા ગયા.**
**હરએક કેહ રહા હે યે રો રો કે બાર બાર,**
**હામી હમારા, કલ્બ હમારા ચલા ગયા.**
**બમ્બઇ મેં જિન કે દમ સે થી રૌનક જગા જગા,**
**જલ્વા ચલા ગયા, વો નઝારા ચલા ગયા.**
**બચ્ચે પુકારતે હૈં, બિલકતે હૈં, રોતે હૈં,**
**બાબા હમારા દિલ કા સહારા ચલા ગયા.**
**લોગોં કો રાહ દિખાઇ નસીહત કી સૈફ સે,**
**ગોયા કલામે પાક કા પારા ચલા ગયા.**
**તૈયેબ ઝિયા કો ઝબ્ત કા યારા નહીં રહા,**
**તૂફાઁ ઉઠા તો દૂર કનારા ચલા ગયા.**
**હાતિમ, હકીમ ઔર મોહંમદ કો સબ્ર દે,**
**ઉનકે દિલોં કા હાય વો પ્યારા ચલા ગયા.**
**સબ્રે જમીલ કુંબે કો યા રબ અતા તું કર,**
**રાહત કા ઔર ચૈન કા ધારા ચલા ગયા.**
**"અલવી" કહાઁ સે લાયે સુકૂં, સબ્ર ક્યા કરે,**
**જિતના થા દિલનવાઝ નઝારા ચલા ગયા.** ★

## -::: દરસે અલ્ફાઝ :::-

| | |
|---|---|
| ગુંજાઈશ | : જગા, બહેસ, ફાયદો. |
| ઈઝહાર | : ઝાહિર કરવું, બયાન કરવું, હકીકતને બતાવવી. |
| તફક્કુર | : સોચ, ફિકર, વિચાર. |
| વસીઅ | : કુશાદા, મોટુ. |
| ઝબાઁદરાઝી | : બદઝબાની, ગુસ્તાખી. |
| તમાઅ | : લાલચ, ખ્વાહિશ. |
| સાજિદ | : સજદો કરવાવાલો. |
| મુશ્તાક | : મુન્તઝિર, શૌક રાખનાર. |
| મિસ્માર | : ખસ્તા, ખરાબ, બરબાદ. |
| હકારત | : બેઈઝઝતી, નફરત. ★ |

*(પેજ નં. ૧૨ નું બાકી)* ***આઈનએ દરસે તૈયેબી.....***

મૌ.કાઈમુલ કયામહ (સ.અ.)) અને હર સાતરાના સાત-સાત ઈમામો તરફ ઈશારો કરે છે. નમાઝમાં હર રકાતમાં આ સૂરતનું પઢવું લાઝિમી છે, વઈલ્લા તે રકાત બેકાર છે. આ સૂરતનો મફહૂમ એ જ છે કે, જેને શરીઅતની સાચી સમઝ કુરઆનના ઝરીએ જોઈતી હોય, નેકોકારીથી ઝિંદગીને ગુઝારવી હોય, ગુમ્રાહી થી નજાત જાઈતી હોય તો તેને ઝમાનાના હકકના સાહબની મવદ્દતો મોહબ્બત રાખવી પડશે અને એ સાહબની ઈતાઅતમાં ખુદાઓ રસૂલની ઈતાઅત માનવી પડશે.
**દરસે તૈયબી** : નૂરાની મસ્જિદમાં : **મંગલવારે** (રાતે ૭:૩૦ વાગે) / તૈયેબી મસ્જિદ : **બુધવારે** (રાતે ૮:૦૦ વાગે). ★

**જે શખ્સ ઈલ્મને તલબ કરે તો અલ્લાહ એના રિઝક નો ઝામિન થાય.**

## -::: પુરસૌઝ બંદ :::-

તૈયેબ ઝિયા પે કૈસી મુસીબત કી ઘડી હૈ,
દાઅવત કે ઘર મેં કૈસી કયામત કી ઘડી હૈ.
હુસૈન મોઈનુદ્દીં કી રેહલત કી ઘડી હૈ,
બચ્ચોં પ તો યતીમી કી આફત કી ઘડી હૈ.
મૌલા કો ઝઈફી મેં રૂલા કર ચલે ગયે,
બીબી કો અપની બેવા બના કર ચલે ગયે.
તૈયેબ ઝિયા કા પ્યારા થા હુસૈન મોઈનુદ્દીં,
નાઝોં કા માઁ કા પાલા થા હુસૈન મોઈનુદ્દીં,
દાઅવત કા મુકાસિર થા હુસૈન મોઈનુદ્દીં,
ડૉક્ટર ભી ક્યા નિરાલા થા હુસૈન મોઈનુદ્દીં.
પઢકર દોઆ નશતર કો લગાતેં થે યે હુઝૂર,
પૂરી શિફા મરઝ સે દિલાતેં થે યે હુઝૂર.
અય મુમિનોં ઔલાદ કા મરના ભી હૈ સિતમ,
સબ ગમ તો હૈ લેકિન યે અજબ તરહ કા હૈ ગમ,
જો રંજો મુસીબત હૈ વો ઈસ સદમે સે હૈ કમ,
માઁ-બાપ કા ફટતા હૈ જિગર ઐસા હૈ અલમ.
દુશ્મન કો ભી ખુદા ન દિખાયે પિસર કા દાગ,
મરના જવાન બેટે કા હૈ ઉમ્ર ભર કા દાગ.
અય ખાલિકે અકબર તુઝે હયદર કા વાસ્તા,
દેતા હું તુઝકો હક્ક કે પયમ્બર કા વાસ્તા,
ખૈરૂન્નિસા વો ફાતેમા અત્હર કા વાસ્તા,
મૌલા હુસૈન ઔર હૈ શબ્બર કા વાસ્તા.
અય્યૂબી સબ્ર દેના તૈયેબ ઝિયા કો તૂઁ,
સેહત ભી અતા કરના તૈયેબ ઝિયા કો તૂઁ. ★

**જેમ આસ્માનમાં હલકા વાદલો ઉડે છે તેમ ફુરસતનો વક્ત ચાલો જાય છે લેહાઝા વક્તને ગનીમત સમઝી ખૈરના કામો કરી લો.**

## -::: દીવાને મૌ.અલી (અ.સ.) :::-

**꧁ વ મિનસ સોયૂલે એલા મકર્રે કરારેહા**
**વ તૈરે લિલ ઔકારે હીના તસવ્વબૂ.**

**માઅના :** પાનીનો રેલો એના રૂકવાની જગા તરફ જલ્દીથી જઈ પહોંચે છે અને ઠેહરી જાય છે. પરિંદુ એના માલાને તરફ જેટલી જલ્દીથી પહોંચે છે તેના કરતા પણ બંદાની રોઝી એના તરફ જલ્દી પહોંચે છે.

**તશરીહ :** મૌલાના અલી (અ.સ.) આ શેઅરમાં કહેવા માંગે છે કે, અલ્લાહતઆલાએ ઈન્સાનને વાસ્તે રોઝીના અસ્બાબ અને મૌતની ઘડી મુકર્રર કીધેલી છે. મૌ.અલી ઝયનુલ આબેદીન (અ.સ.) શહરૂલ્લાહિલ હરામની દોઆમાં ફરમાવે છે કે, આ મહીનાના બાબરકત દિનોમાં અલ્લાહતઆલા બંદાની રોઝીને નક્કી કરે છે અને મૌતનો વક્ત મુકર્રર કરે છે. અહલે ઈમાનને નઝદીક એમ બયાન આવેલું છે કે, ઈન્સાન રોઝી અગર વધારે ચાહે અને માલ-મિલકીયતની ઝિયાદતીનો ઈરાદો રાખે તો અલ્લાહતઆલા એના જ નસીબા માંથી આવનાર દૌરની કિસ્તમાંથી જ એની માંગ મુજબ રોઝીમાં ઈઝાફો કરી આપે છે, અને બંદાને ખુશ કરી દે છે. પણ બંદાને ખબર નથી કે, તેએ જે કઈ હાસિલ કીધું છે તે એના નસીબનો જ એક હિસ્સો છે. **રોઝીનું આપવું યા હાસિલ કરવું એ અલ્લાહ તરફથી ખુદ-બ-ખુદ ઝરીઆ બને છે.** ઈન્સાન ચાહે યા ન ચાહે મગર એને પત્થરના નીચેથી પણ રોઝી મીલી આવે છે. જે મુજબ અલ્લાહતઆલા પહાડની ચોટી પર કીડી-મકોડાને, રણની ધગધગતી ઝમીનમાં વીછુંને અને ઊંડા દરિયામાં મચ્છીને રોઝી પહોંચાડે છે. રોઝીના પહોંચનો નિઝામ પાનીના વહેણને બરાબર જ છે. જ્યાં એનું જાવું મુકર્રરશુદા છે ત્યાં એ ચાલું જ જાય છે. ★

*(પેજ નં. ૭ નું બાકી)* **અખ્બારે દોઆતુલ મુત્લકીન....**

છુટી શકે ! **દુનિયા ફક્ત ગુઝરગાહ છે, સફર કરવાની જગા છે.** મગર કરારીયતની જગા, હમેશા રહેવા વાસ્તેનું ઠેકાણુ તો આખેરત છે. અલ્લાહતઆલા મૌત તો આપે છે પણ તેના બાદ રાહતનો સબબ પણ તે જ કરી આપે છે. ગમમાં હમારો સબર, ખુશીની ઘડીઓને લઈ આવે છે."

અલ્લાહતઆલાએ આપના આ કલામને સહી કરી બતાવા. આટલા બધા દાઅવતના હુદૂદ ગુઝરી જાવા બાદ પણ આપના બે ફરઝંદો સૈ.બદરૂદ્દીન હસન અને સૈ.હુસામુદ્દીન હુસૈન ના દિલોમાં આપની તાઈદથી એ મુજબ દાઅવતના ઈલ્મ અને ખિદમતની નહેર જારી કરી કે, આપની વફાત બાદ આપના બેવે ફરઝંદોએ દાઅવતે મુબારકાહના તમામ ઊમૂરને બાખૂબી સંભાલી લીધા અને આપે બલંદ કીધેલા ફાતેમી દાઅવતના પરચમને તેઓએ કાઈમ-દાઈમ રાખો. ★

**જે શખ્સને પોતાના કરીબી રિશ્તેદાર છોડી દે તો દૂરવાલા એને મીલી જાશે,**

## -::: અખ્બારે દોઆતે મુત્લકીન :::-

### ૧૯ માં દાઈએ મુત્લક

# સૈયેદના ઈદરીસ ઈમાદુદ્દીન બિન હસન (ક.રૂ.)

### તારીખે વફાત- ૧૯ ઝિલકાદ / મુદ્દતે દાઅવત - ૮૩૨ થી ૮૭૨ હિ.

સૈયેદના ઈદરીસ ઈમાદુદ્દીન સાહબ (આ.કુ.) નું નામ મુબારક સતરના દોઆતે હક્કના સિલસિલામાં એ મુજબનો મકામ રાખે છે, જે મુજબ અંબિયા અને મુરસલીન (અ.સ.) ને દરમિયાન દૌરે આદમના નબી ઈદરીસ (અ.સ.). ઈદરીસ નબીએ દાઅવતે હક્કમાં ઈલ્મે ઈલાહીની તાઅલીમ વાસ્તે એક આઅલા તરીકો કાઈમ કીધો અને ઈમામુઝઝમાનના રૂત્બએ અઝીમાને વાઝેહ કીધો, એ જ મુજબ સૈ.ઈદરીસે ખૂબ જ ખૈર તરીકા પર દાઅવતે શરીફાહના અરકાનને મઝબૂત કીધા અને ત્રણે જઝીરામાં હુસ્ને નિઝામ કાઈમ કીધા. હિદાયતના ચાહનારને રાહે હિદાયત પર લગાવા અને દુનિયા-આખેરત તેમજ ઈન્સાની ઈબ્તેદા અને ઈન્તેહાના ફલસફાને વાઝેહ કીધો. અકીદાના ડામકડોલ લોગોને ઈસ્લામો-ઈમાનની દાઅવત દીધી અને અલ્લાહ જલ્લા શાનોહુની ઈબાદતનો શૌક અપાવો.

આપની એ શાન હતી કે, આપ ઈમાનના ઝૈવરથી બોહરાવર બંદાઓને ચાહતા હતા અને ઈલ્મની ફઝીલત તરફ એને હોશ અપાવતા હતા. આપે કિતાબો અને રિસાલાઓ તસ્નીફ ફરમાવીને દીની મુશ્કિલો અને મસાઈલને હલ કીધા અને સીરતે અઈમ્મતે તાહેરીન અને દોઆતે હક્ક (સ.અ.) ની તારીખ લખીને હકીકી દાઅવતના સુબૂત વાસ્તે સાફ-સાફ હુજ્જતો અને દલીલો પૈશ કીધી. આપે ઈમામોના ઝુહૂરના વક્તમાં જે દોઆતોએ કિતાબો લખા હતા એની ઝીણવટ ભરી માઅલૂમાત અને આંટીઘૂટી નો હલ આસાન અલ્ફાઝમાં પૈશ કીધો અને તાવીલ-હકીકતની ઘણી ભેદની વાતોને દાઅવતના ફરઝંદો વાસ્તે આસાન સમઝ-લેહજામાં પૈશ કીધી.

આપના ઝમાનમાં બાઝ ફિરકાના બુરા આલિમોએ ઈસ્માઈલી-તૈયેબી મઝહબમાં કબીસાની ગિન્તી અને શહરે રમઝાનની કમાલીયતની રસ્મે અહલે બૈત (અ.સ.) પર એઅતેરાઝ કીધા અને રૂઅયતે હિલાલ (ચાંદ જોવા) બાબત ખોટી વાતોને અહલે હક્કને દરમિયાન ફેલાવા. તે વક્તમાં આપે આપની ઈલ્મી લિયાકત અને ઝહની હુશ્યારીને કલમના ઝૌર પર ઝાહિર કીધી અને **"ઇઝાહુલ એલામ"** તેમજ **"મુદહેઝતુલ બોહતાન"** નામના બે મુફીદ રિસાલાઓ તસ્નીફ ફરમાવા જેમાં શહરે રમઝાન ૩૦ અય્યામના જ હોય છે, તેવું કુરઆની દલીલોથી અને અહાદીસે નબવીયાહ થી સમઝાવું. ગૌર તલબ રહે કે, જે લોગોએ રૂઅરતે હિલાલ બાબત અને રોઝાઓની ગિન્તી બાબત દાઅવતમાં ફસાદ ફેલાવો હતો અને લોગોને ગુમ્રાહ કીધા હતા એ હિન્દુસ્તાનની સરઝમીનના જ ફિત્નાપરવર શયતાનો હતા જેનો આપ સૈયેદનાએ ડટીને કડો મુકાબલો કીધો અને ફાતેમી ઈમામોના મઝહબની સચ્ચાઈને સાબિત કીધી.

હક્કપરસ્તો વાસ્તે આ દુનિયામાં સખ્તમાં સખ્ત ઈમ્તેહાન છે. હર દૌર એ વાતનો શાહિદ છે કે, **શરપસંદ જૂઠા લોગોને સામે હક્કને સાથ આપનારાઓ ઓછા અને કલીલ જ હોય છે.** ખરાબ લોગોની તાઅદાદ અગર કરોડોમાં હોય તો નૈક લોગો ફક્ત હઝારોની ગિન્તીમાં જ હશે. સૈ.ઈદરીસ (ક.રૂ.) નો દૌરે દાઅવત પણ આ હકીકતથી ખાલી ન હતો. આપના દૌરમાં યમનમાં ઘણી જાનલેવા ખતરનાક બીમારી આગ જેમ ફેલાય હતી અને તેની ચપેટમાં આવી દાઅવતે શરીફાહના મુકર્રબ સાહબો, આલિમો, મદદગારો, ખિદમત ગુઝારો, બુઝુર્ગો, મુઆવિનો તેમજ આપ સૈયેદનાના ખાનદાનના ઘણા સાહબો, આપના દિકરાઓ, આપના કાકાજીના દિકરાઓ ઈન્તેકાલ કરી ગયા. જેને તરફ પણ આપ દાઅવતના ઊમૂરને સોંપવાની અને ઈલ્મને પઢાવવાની તદબીર કરે તે સાહબને કઝા આવી જાય. આ ચીઝ આપના દિલ પર ઘણી ભારી ગુઝરી. આપને એ મુજબ દરદો ગમ થયો કે, આપે આપના ગુઝરી ગયેલા રિશ્તેદારો અને અઝીઝોની સિફતો સનામાં અશઆર તસ્નીફ ફરમાવા અને તેમાં મૌતના હાલાતની ઝિકિર કીધી. આપ ફરમાવે છે કે, "કોઈ બશર આ દુનિયામાં નથી જે મૌતના પંજાથી ભાગી શકે,

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

**નૈકી કરનારાઓની નાની ખતાઓને મઆફ કરી દો.**

## -::: ગુલ્શને ફિક્હ :::-

### હૈઝની ઝિકિર - ૨

✰ ઈમામે આલે મોહંમદ (સ.અ.) ફરમાવે છે કે, કોઈ બૈરો એના પાકીઝગીના દિનોમાં ખૂન જોઈ અને અગર તે ખૂન હૈઝના ખૂનની મિસિલ હોય તો એ બૈરો હૈઝદાર ગણાય, એના ઉપર હૈઝનો ગુસુલ વાજિબ થાય છે. અગર તે ખૂન હૈઝના ખૂનની સિફતનું ન હોય, પતલું અને બદબૂ બગૈરનું હોય તો એ હાલત શયતાનની હરકત છે. તે વક્ત વુઝૂ કરે અને નમાઝને અદા કરે અને એનુ એના શૌહરથી મીલવુ પણ જાઈઝ થાય છે. આ જ મુજબ હામેલા બૈરો વાસ્તે હુકમ છે જે વક્ત એ ખૂનને જોઈ.

✰ ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, હમેં હમારી હૈઝદાર બૈરોને હુકમ કરીએ છીએ કે, તેઓ હર નમાઝના વક્તમાં કામિલ તૌર પર વુઝૂ કરે અને પોતાની શરમગાહ પર કપડું યા રૂ મુકીને કિબ્લાના સામે બેસે, કોઈ પણ નમાઝને ફરઝ સમઝીને ન પઢે પણ તસ્બીહ કરે, તકબીર કરે. મસ્જિદમાં ન જાય, કુરઆને કરીમને ન પઢે, કબ્રસ્તાનમાં જઈ કબરોની ઝિયારત ન કરે, રોઝા ન રાખે **પણ પાક થયા પછી ફરઝના ગયેલા રોઝા વાલે.**

✰ લોગોમાં હૈઝદાર બૈરો વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વફાત બાદ એમ ખોટો ગુમાન હતો કે, હૈઝની હાલતમાં બૈરો નમાઝ પઢી શકે છે અને આવી બિદઅતો ફેલાવનારા કમ ન હતા. તો ઈમામે આલે મોહંમદ (સ.અ.) એ સખ્ત અલ્ફાઝમાં ફરમાવું કે, હમારા શફીક નબી સાહબના બૈરોમાંથી કોઈ એ પણ, તેમ હમારા બૈરોમાંથી પણ કોઈએ નાપાકીમાં નમાઝ અદા કીધી નથી. મગર નમાઝના વક્તમાં હૈઝદારને ફક્ત અલ્લાહની તસ્બીહ કરવાનો હુકમ છે અને **તે અલ્લાહથી ફઝલ તલબ કરવાની ગરઝથી છે જે કરવું મુસ્તહબ છે, પસંદીદાહ છે.**


✰ મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, હૈઝદાર બૈરો કુરઆનથી, નમાઝથી, મસ્જિદથી, શૌહરથી કરીબ ન થાય જહાઁ તક તે પાકો સાફ ન થાય. હવે જે બૈરો હૈઝથી પાક થાય અને ગુસુલ કરવામાં તાખીર કરે અને ફરઝની નમાઝને ઝાયેઅ કરે તો તેના ઉપર તાખીરના સબબ જેટલી નમાઝો ગઈ હોય તેને વાલે.

✰ તહારતની નિશાની તે છે કે, હૈઝદાર બૈરોને ➪

➪ પોતાની શરમગાહ પર મુકેલી ચીઝ (કપડું યા રૂ) પર કોઈ ખૂન નઝર ન આવે તો એ પાકીઝા કહેવાય. તે બૈરો પર ફૌરન લાઝિમ છે કે, હૈઝનો ગુસુલ ઉતારી લે તે પહેલા કે કોઈ ફરઝની નમાઝનો વક્ત કરીબ થાય. ગુસુલ બાદ અગર ફરઝની નમાઝનો વક્ત અદા મીલતો હોય તો તે નમાઝને મુકે નહી મગર તેને અદા પઢી લે.

✰ મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, હૈઝનો ગુસુલ, જનાબતના ગુસુલ મુજબ છે. કોઈ જનાબતદાર બૈરો હૈઝદાર થઈ જાય તો હૈઝથી પાક થાવાનો એક જ ગુસુલ એને વાસ્તે કાફી છે. ★

## -::: હમારા ચમકતા સિતારા :::-




**ગાંધી ઝુલફિકારઅલી તાલિબહુસૈન**

University of Mumbai ના માતહત May 2008 માં B.E.(Mechanical) ની ફાઈનલ ઈમ્તેહાનમાં First Class with Distinction હાસિલ કીધેલું છે. 76% ના આઅલા પરસન્ટેજના સબબ Campus Interview થી Mahindra & Mahindra Automotive Division માં સર્વીસ લાગેલી છે. હમારા તાલિબે ઈલ્મો પોતાની ઈલ્મી તરક્કીથી માઁ-બાપ ની ખુશી અને ખુર્રમીમાં ઈઝાફો કરતા રહે. ★

## -::: મુબારકબાદી :::-



**ફરહત**
**રોનકઅલી કડીવાલા**



**આફતાબહુસૈન**
**હમીદભાઈ ભાઈસાહેબ**

શહરૂલ્લાહિલ હરામના પૂરા ૩૦ અય્યામના રોઝા રાખીને આ દિકરી અને દિકરાએ એક બેહતરીન મિસાલ કાઈમ કીધી છે. દિકરીએ ૫ વરસની અને દિકરાએ ૧૧ વરસની કલીલ ઉંમરે આ તરહ દીનદારીની ઈઝહાર એ જમાઅતના બીજા ફરઝંદો વાસ્તે સબકનો સબબ છે. અલ્લાહતઆલા હમારા નૌનિહાલોને દીનદારીની બુનિયાદ પર બાલિગ કરે. ★

## સૈ. શૈખ આદમ સફીયુદ્દીન સાહબ (ક.રૂ.) ના વક્તમાં
# સૈયેદના અલી (ક.રૂ.) અને દરસો તાઅલીમનો નિઝામ

સૈયેદના બુરહાનુદ્દીન દાઉદજી બિન કુતુબશાહ (ક.રૂ.) ની હયાતે પાકમાં જ સૈ. અલી સાહબ (ક.રૂ.) ની પૈદાઈશ વડોદરામાં થઈ. જે વક્ત સૈ.દાઉદજીને આ ખબર પહોંચી તો આપે સૈ.સફીયુદ્દીન સાહબ (ક.રૂ.) ને ખુશખબરી આપી અને કહ્યું કે, **"અય શૈખ આદમ, ભલે તમારી આઁખની રોશની ચાલી ગઇ છે, મગર આ તમારા પોતા અલી તમારી આઁખોનું નૂર બનશે, તમારા કલેજાની ઠંડક બનશે અને આલી મરતબા પર ફાઇઝ થાશે."** સૈ.દાઉદજી સાહબ જાણતા હતા કે, પોતાના ફરઝંદો માંથી કોઈ દાઅવતના મરતબાના સાહબ બનવા વાસ્તે લાઈક નથી અને દાઈના દરજા વાસ્તે સૈ.સફીયુદ્દીન સાહબ કરતા બીજું કોઈ આપની નઝરમાં કાબિલ, આલિમ અને અઝીઝ ન હતું.

સૈયેદી ઈબ્રાહીમ આપના નૂરે નઝર સૈ.અલી ને બચપણામાં જ અહમદાબાદમાં આપના બાવાજી સૈ.સફીયુદ્દીન સાહબ પાસે લઈ આવા. સૈ.ઈબ્રાહીમ, જે વક્ત સૈ.અલી ઘણા કમસિન હતા, ઈન્તેકાલ કરી ગયા, તો સૈ.અલીની પરવરિશ અને તાઅલીમો તરબીયતની પૂરી ઝિમ્મેદારી સૈ.સફીયુદ્દીન સાહબે ઉઠાવી લીધી. જેમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની કફાલત-પરવરિશની ઝિમ્મેદારી આપના દાદાજી સાહેબ મૌ.અબ્દુલમુત્તલિબ (અ.સ.) એ ઉઠાવી હતી જે વક્ત મૌ.અબ્દુલ્લાહ (અ.સ.) વફાત થયા હતા. સૈ.અલી એ સૈ.દાઉદજી સાહબના હુકમથી અને સૈ.સફીયુદ્દીન સાહબની હાઝિરી અને ઝાતી નિગરાનીમાં દાઅવતના કિતાબોની ઈબ્તેદાઈ તાઅલીમ હાસિલ કીધી, કુરઆનને હિફઝ કીધા અને દાઅવતના ઊમૂરમાં પણ સરફરાઝી હાસિલ કીધી. **સૈ.દાઊદજી સાહબની રહેલત બાદ જે વક્ત સૈ.સફીયુદ્દીન સાહબ તખ્તે ફાતેમી પર ફાઇઝ થયા તો સૈ.અલી સાહબ ઇલ્મો અમલમાં કમાલો જમાલ હાસિલ કરી ઔજ પર પહોંચા હતા.** આપ રૂત્બએ ઈઝન (માઝૂન) અને ખાઝિને મકતબાહ (કુતુબખાનાની દેખરેખ રાખનાર) હોવાના સબબ સૈ.સફીયુદ્દીન સાહબની રઝાથી આપ તાલિબે ઈલ્મોને કિતાબો આપવાને સાથે તેઓને દરસો સબક પણ પઢાવતા. કોઈ આપને નઝદીક કિતાબને પઢી લે તો આપ એને સૈ.સફીયુદ્દીન સાહબને નઝદીક પૈશ કરતા અને સૈયેદના ખુદ એનો ઈમ્તેહાન લેતા. આપને નઝદીકમાં નઝદીક સૈયેદી અમીનજી બિન જલાલ (રિ.અ.) હતા જે દરજએ કસર (મુકાસિર) પર હતા. જે લોગો સૈ.સફીયુદ્દીન સાહબ પાસે ઈલ્મ પઢવા આવતા **તેમાં તૈયેબજી નામનો એક શખ્સ હતો જે સૈ.દાઊદજી બિન કુતુબશાહ સાહબનો દિકરો હતો** અને ફિત્ના ખોરોમાંથી અવ્વલ હતો અને જેના કલ્બો ઝમીરમાં સૈ.અલી સાહબની બેઈન્તેહા અદાવત હતી. આ તે જ બદબખ્ત શખ્સ છે જેએ સૈ.અલી સાહબના ઝમાનમાં દાઈ હોવાનો દાઅવો કીધો, દૌલત અને રિયાસતની લાલચમાં હઝારો લોગોને ગુમ્રાહ કીધા. આ મુદ્દઈ અને તેના સાથીઓએ સૈ.અલી સાહબ અને આપના હક્કપરસ્તો પર શદીદ ઝુલ્મ કીધો, સખ્ત તકલીફો આપી અને યઝીદીઓએ અહલે બૈતે રસૂલ (અ.સ.) ને જે મુજબ ઈઝા આપી હતી અને દરબદર ફીરાવા હતા તે જ મુજબ આ તૈયેબજીના મલઊનોએ ઈમામે મઝલૂમ (અ.સ.) ના આશિકો સાદિક સૈ.અલી સાહબ અને હક્કના મુમેનીનને ખૂબ સતાવા અને ઈઝા આપી. આ તૈયેબજી પોતાના બાવાજી સૈ.દાઉદજી સાહબની હયાતી તક તો ચૂપ રહ્યો પણ આપના ઈન્તેકાલ બાદ એની શરારત અને ફિતનત ની નાપાકી ઝાહિર થઈ અને કિતાબો પઢવાના બહાને લોગોમાં ખરાબી ફેલાવતો ગયો.

ઘણી વક્ત તૈયેબજી, સૈયેદના સફીયુદ્દીન સાહબ (ક.રૂ.) ને નઝદીક આવતો હતો અને સૈ.અલી હાઝિર ન હોય તો સૈયેદના (ક.રૂ.) એને પઢાવવામાં દેરી (તાખીર) કરતા યહાઁ તક કે તૈયેબજી પાછો ચાલો જાતો. બાઝ વક્ત એનાથી વચન લેતા કે, આવતી કાલે ફજેરે એ અલીને નઝદીક સબકને પઢશે જે સબક એ સૈયેદનાને નઝદીક પઢી ગયો હતો. સૈ.અલી સાહબ ફરમાવે છે કે, સૈયેદના એ મને ફરમાવું કે, અય અલી, આની પઢાયમાં સહી અને ગલત શું છે તે કહો? તો મેં સહી કરીને પઢો અને આ મુજબ હરરોઝનો માઅમૂલ રહ્યો. પછી કોણ હિદાયત દે તેને યહાઁ તક કે એ ખતામાં વાકેઅ ન થાય ! તૈયેબજીએ પોતાને કીધેલી ખતાનો એતેરાફ કીધો અને સૈયેદના (ક.રૂ.) એ એને

*(બકીયાહ પેજ નં. ૧૦ પર)*

**તમારા બીમારોને સદકાના ઝરીએ દવા કરો.**

*(પેજ નં. ૯ નું બાકી)* **સૈ.શૈખ આદમ .....**

કહ્યું કે, શું પછી કોઇ હિદાયત દે બીજાને હક્ક તરફ જે ખુદ તાબેઅ થાવાનો હક્કદાર નથી યા તે શખ્સે કે નથી હિદાયત લેતો મગર એને હિદાયત દેવાય ! પછી અય તૈયેબજી, તમને શું થઇ ગયું છે? તમેં કઇ તરહ કિતાબોનો ઈન્સાફ કરો છો ? તૈયેબજી મોતગલ્લિબની દાઅવતના કિતાબોની દિરાસત-પઢાયમાં આ મુજબનો કમી-કુસૂર જોયો, તેથી સૈયેદના (ક.રૂ.) એ તૈયેબજીને આપની હુઝૂરમાં બેસીને કિતાબ દઆઈમુલ ઈસ્લામને લોગોને દરસ આપવાનો હુકમ કીધો. ખાનજી બિન મોહંમદને રિસાલતો મુલ્હેકતિલ અઝહાનને ચંદ તાલિબે ઈલ્મોને પઢાવવાનો હુકમ ફરમાવો. આપે ખાનજી બિન મોહંમદને કહ્યું કે, તે આ કિતાબની તાઅલીમ આપવામાં શરમ મેહસૂસ ન કરે કેમકે, ખાનજી શરમાતા હતા અને તૈયેબજીથી દૂર બેસીને આવાઝ નીચો કરીને પઢાવતા હતા. બાઝ લોગોમાંથી યૂસુફ બિન ખાનજીએ કહ્યું કે, અય સુબ્હાનલ્લાહ, **તમેં આ રિસાલો પઢાવો છો અને આ તૈયેબજી દઆઇમુલ ઇસ્લામ પઢાવે છે. શું તમને એનાથી કોઇ ડર કે ખૌફ મેહસૂસ નથી થાતો ?** કેમકે એ તમારા સામે ઘણી ઝહેરીલી નઝરથી જોઈ છે. તમો દઆઈમુલ ઈસ્લામ કરતા પણ ભારી રિસાલો પઢાવો છો, ઈલ્મમાં તમો ફૌક છો તેથી તૈયેબજીને તે ગમતું નથી. ખાનજી કહે છે કે, જે વક્ત મેં આ વાત સાંભલી તો ચૂપ થઈ ગયો અને તેથી ડરવા લાગો અને એ હંગામમાં જ સૈયેદના (ક.રૂ.) એ મને નિદા આપી કે, અય ખાનજી! તો મેં જવાબ દીધો કે, લબ્બૈક, અય મૌલા ! આપ (ક.રૂ.) એ પૂછ્યું કે, **હું તમારો આવાઝ કેમ નથી સાંભલતો ?** ખાનજી ઉઠા, આપ તરફ ગયા અને જે પોતાને અને યૂસુફજીને દરમિયાન વાતચીત થઈ હતી તે કહી. ખાનજીએ સૈયેદના (ક.રૂ.) ને તૈયેબજીના ચહેરાના હાવભાવ અને આઁખના તૈવરની ખબર કીધી. સૈયેદના એ ખાનજીને કહ્યું કે, અય કિસ્મતના કમ્ઝોર, એમ પઢાવવામાં શું હરજ છે ? શું તમેં નથી જોતા કે ડોલોનો ચક્કર કૂવા પર ફીરે છે તો કઈ તરહ પાની ભરાય છે અને પાની ખાલી થાય છે? તો અય ખાનજી, તમને જે અમર થાય એના પર અમલ કરો. તે બાદ, ખાનજી આપને કદમબોસ થયા અને આપનો અમર બજા લાવા. આ દરમિયાન સૈયેદનાએ તૈયેબજી મોતગલ્લિબને સાંભલો કે, એ એક તલેબતને પઢાવી રહ્યો હતો કે, **"ઇન્નલ અબરારા યશરેબૂન....અસીરા"** - સૂરતુલ ઈન્સાનની ૫-૮ મી આયત. સૈયેદના (ક.રૂ.) એ નિદા કીધી કે, અય તૈયેબજી, આ આયતોનો કઝીયો, એનો કિસ્સો અને એની માઅના બતાવો અને ઝાહિરના લોગો કઈ તરહ આની તફસીર કરે છે તે કહો. તે મૂઁગો અને બેઝબાન થઈ ગયો. યહાઁ તક કે, સૈયેદના (ક.રૂ.)એ એને ઘણી વાર આ જ સવાલ કીધો. પણ એ કલામની નઝાકતને ન સમઝી શકો તો સૈયેદના (ક.રૂ.) એ ખુદ એહસાન કરીને ચંદ છુપી વાતો (અસરાર) બયાન ફરમાવી. તે બાદ આપે ફરમાવું કે, અય હાઝેરીન, મેં આ બારામાં એને સવાલ કરતો જાવ છું, **ન તો એ સવાલને સમઝે છે ન કે એ આયતના કિસ્સાને જાણે છે !** જેની તફસીર દાઅવતના અહલ અને અદના હુદૂદો માંથી તમામને માઅલૂમ છે.

એક દિનની વાત છે કે, તૈયેબજી સૈયેદના અલી (ક.રૂ.) ના મકાને શરીફ પર આવો અને ખાનજી બિન મોહંમદ આપના ઘરના સહેનમાં હતા અને સૈયેદના શૈખ આદમ સફીયુદ્દીન સાહબ આપના રૂમમાં આરામમાં હતા તો તે વક્ત આ તૈયેબજી બોલો કે, સલામુન અલયકુમ. સૈયેદના એ ફરમાવું કે, આ સલામ બોલનાર શખ્સ કોણ છે ? ખાનજીએ ખબર કીધી કે, તૈયેબજી છે. સૈયેદનાએ ફરમાવું કે, એના નઝદીક રિસાલા વઝીયાહની અગ્યારમી ફસલ પઢો અને એના પઢવામાં એની ગલતી બતાવો. સૈયેદનાએ બેવેની ગુફતગૂ સાંભલી અને કહ્યું કે, તમેં બેવે મારા નઝદીક આવો અને બેસો. તૈયેબજીને કહ્યું કે, તમેં કિતાબના લખાણને પઢો. **તે એ બયાન તક પહોંચો કે તેને એના માઅન સમઝમાં ન આવા તો સૈયેદના એના પર ગઝબનાક થયા, નારાઝ થયા યહાં તક કે, આપના ચેહરાનો રંગ બદલાઇ ગયો.** આપે આરામથી તકીયો દીધેલો હતો. પછી આપ બરાબર બેસી ગયા. આપ (ક.રૂ.) એ ફરમાવું કે, અય તૈયબજી, તમેં શું પઢો છો ? આ કઈ તરહ પઢો છો ? આમ પઢીને તમેં શું ચાહો છો ? તમે આ ફસલને બયાન કરવાની સમઝ રાખતા નથી અને તેને સમઝવાની કોઈ ઠોસ કોશિશ પણ કરતા નથી કે તમેં બયાન કરી શકો અને મેં જે તમને પૂછ્યું તેનો જવાબ નઉઝોબિલ્લાહ તમેં જે આપો તે નથી. આનાથી તો મારો એક અદના તાલિબે ઈલ્મ

*(બકીયાહ પેજ નં. ૧૧ પર)*

**તમેં શરીફ લોગોની ખતાને મઆફ કરી દો.**

*(પેજ નં. ૧૦ નું બાકી)* ***સૈ.શૈખ આદમ .....***

જવાબ આપી શકે છે. વાહ ! વાહ! સુબ્હાનલ્લાહ ! તમેં કંઇ તરહ મારા હુદૂદ હોવાનો દાવો કરો છો કે તમારા નઝદીક આ મુજબ લા ઈલ્મી અને આ મિસિલની જેહાલત હોય ! આ તો બિલકુલ ખુલ્લમ ખુલ્લા જૂઠી વાત છે. બીજો વાકેઓ એમ છે કે, **તૈયેબજીએ એક અદના સાહબ મીયાંજી મોહંમદ ખાન સાથે જે ઝઘડો ઉભો કીધો હતો અને ગાલી ગલોચ કીધી હતી.** એની ઝિકિર કરીએ તો આખી કિતાબ લખાય પણ સૈયેદના સાહબે આ ઝઘડાને દાઅવતના હુદૂદ અને ફાઝિલ લોગો બેવે દાવેદારોની ઝબાની થી બયાન કરવાનું કહ્યુ જેમાં તૈયેબજી ગુનેહગાર સાબિત થયો અને આપ સૈયેદના એ ફરમાવું કે, એવા શખ્સ પર દાઅવતે હાદીયાની વફાદારીની ઉમ્મીદ કઈ તરહ રાખી શકાય જે આવો હલકો અને ઝિલ્લતભરો અમલ કરે !

સૈયેદના (ક.રૂ.) એ ભરી મેહફીલમાં તૈયેબજીને આડે હાથ લીધો. તેના અમલની મઝમ્મત કીધી અને ફરમાવું કે, અય તૈયેબજી, તમારી જાનને આવનારા અઝાબથી બચાવો, અને તમારાથી નીચેના લોગો પર રહેમ કરો. તાકે તમેં જે મરતબાનો ઈરાદો કરો છો. તે તમને ઝૈબ આપે ! આ સાંભલી તૈયેબજી શરમિંદા થયો અને ગુસ્સામાં કહેવા લાગો કે, હું મારા દાવામાં જૂઠો છું અને તે મીંયાજી બિન મોહંમદખાન એની સફાઈના સાચા છે કે, મેં ખંભાતનું મારૂં ઘર એને વહેંચુ નથી પણ એની કીમત ને હું હડપ કરી ગયો છું.

તો અય હકની દાઅવતના મુમેનીન, શું તે કોઈ શખ્સ જે પોતાની ઝાત પર જૂઠાણાં નો એતેરાફ કરે, એ દાઈ બનવાને હક્કદાર થાય ? કેમ કે, રસૂલુલ્લાહ બાવાજી એ ફરમાવું છે કે, **હકીકી મુમિન નૈક અખલાકો ખસ્લતને તાબેઅ થાય છે. ખયાનત અને જૂઠ સિવાય !** કેમ કે જૂઠો અમાનતદાર નથી બલ્કે મલઉન છે. અલ્લાહતઆલાની જૂઠાઓ પર લાઅનત છે. આનાથી ઝયાદા તાકીદનો સબબ અકલવાલાઓને નઝદીક જે વાતની દલીલ પૂરી પાડે છે કે, શું એવા શખ્સ પર સૈ.શૈખ આદમ સફીયુદીન સાહબની નઝરે ઈનાયત થઈ શકે ? એના બાવુજૂદ કે આપ (ક.રૂ.) આપના પોતા સૈ.અલી પર નસ્સેખફી કરી ચુકા હોય અને આપ (ક.રૂ.) એ દાઅવતના તમામ કિતાબ, ઔરાક અને રિસાલાઓ હિફાઝતને વાસ્તે આપને સિર્પૂદ કરી દીધા હોય અને એમાં કોઈને નઝર નાંખવાની પણ રૂખ્સત આપી ન હોય. તો હર કિતાબ અને દાઅવતની મિસાલ શરીફ યાઅની કિરતાસે ફરમાને સૈયેદના જેના પર સૈ.અલી શમસુદીન શહીદે કરીમના દસ્તે મુબારકથી સિક્કો ન હોય, તે કિતાબ યા કાગઝ જૂઠો અને બનાવટી કહેવાતો હતો. શું આ અલામત અને ફઝીલત બાદ કોઈ એવી દલીલ બાકી રહે છે કે, આપ સૈયદના (ક.રૂ.) બાદ આપના કાઈમ મકામ ન હોય ? તો આપ (ક.રૂ.) સૈ.અલી શમ્સુદીન ને હર વક્ત ફરમાન કરતા હતા કે, તેઓ પોતાની ઝાતથી કાગઝાત પર દસ્તખત અને મહોર મારે. **હર કિતાબ યા રિસાલાને જે કોઇ શખ્સ મરકઝે દાઅવત પર પઢવાનો ઇરાદો રાખતા તો આપ (ક.રૂ.) એને સૈ.અલી તરફ મનસૂબ કરતા હતા** અને આવનાર ને કહેતા હતા કે, મિયાં અલીને આ બાબત પૂછો કે, સૈયદનાએ કિતાબ પઢવા બાબત મને તમારી તરફ મોકલા છે. હુદૂદ અને તલેબતમાંથી જે કોઈ શખ્સ એક કિતાબ પઢી લેતા હતા તો તે સૈયદના (ક.રૂ.) ના ફરમાનથી સૈ.અલી પાસે તે કિતાબ ને લઈ જાતા અને એમ કહેતા કે આ કિતાબ તમામ થઈ છે અને ફરમાવું છે કે, આ કિતાબ ખઝાનામાં દાખિલ કરી દો. સૈ.અલી, સૈયદના (ક.રૂ.) ની ખિદમતે આલેયામાં પધારતા, આપથી મશ્વરો કરતા, તલેબતને પઢાવવાના અમરમાં ગુફતગૂ કરતા અને હુકમે સૈયેદના મુતાબિક આપ હક્કદારને એની ફઝીલત મુજબ દેરાસત વાસ્તે કિતાબ આપતા.

એક વક્ત સૈયેદના (ક.રૂ.) એ તૈયેબજીને સૈ.અલી ને નઝદીક મોકલા. આપે લુત્ફો કરમ ફરમાવીને કિતાબ **"અલ મબ્દા વલ મઆદ"** પઢવા વાસ્તે ફઝલ કીધી. પછી તે સૈયદના ને નઝદીક આવો. હું સૈયદના ને નઝદીક એ મુજબ હતો કે તૈયબજી અને સૈયદનાને દરમિયાન જે ગુફતો શુનીદ થાતી હતી, તે મેં સાંભલતો હતો. તૈયેબજી એ કહ્યું કે, અય સૈયદના શું આપ આપના તાલીબે ઈલ્મને આ દરજાના કિતાબ આપો છો ? સૈયેદના (ક.રૂ.) આરામ થી મસ્નદ પર હતા. પછી આપ બરાબર બેસા અને ફરમાવું કે, અય અલી, આ કિતાબ આને આપો મેં એના પર આથી નઝરે કરમ કરૂં છું. તે પછી આપ મુસ્કુરાયા. પછી સૈ.અલીએ ફરમાવું કે, અય સૈયદના (ક.રૂ.), આપ એની

*(બકીયાહ પેજ નં. ૧૪ પર)*

**જે કઈ આ દુનિયામાં બનનાર છે તેની કલમ ચાલી ચુકી છે.**

## -::: ૧૦૧ % :::-

અપને ટકા-Percentage ની વાત કરીએ તો એ ૧૦૦ પર ગણાય છે. રીઝલ્ટ આવે છે તો ૧૦૦ ના અંદર યાઅની કે ૭૫% કે ૯૮% કે ઘણી વાર ૧૦૦% પણ જે વક્ત અપને કોઈ પાકી વાત કહીએ છીએ તો વાત પર ભાર આપવા અપની ઝબાનથી ઘણી વાર નીકલી જાય છે કે, **"મારી વાત ૧૦૧% સાચી છે !"** તો શું ટકા ૧૦૦ થી પણ વધી શકે ? ૧૦૧% કઈ તરહ મુમ્કિન છે ? હિસાબ-કિતાબમાં શું આવું બની શકે ? ચલો, ૧૦૧% કઈ તરહ હાસિલ થાય એની એક દિલચસ્પ ગણત્રી જોઈએ.....

જેવી રીતે અરબી ઝબાનમાં "અલિફ" થી "યા" તક હર હરફની ગિન્તી હોય છે અને તે ૧ થી ૧૦૦૦ તકની ગણત્રી હોય છે તેવી જ રીતે ઈંગ્લીશમાં અપને "એ" થી "ઝેડ" તક ગિન્તી કરીએ તો ૨૬ આલ્ફાબેટ થાય છે. અને A વાસ્તે ૧, B વાસ્તે ૨ એમ Z વાસ્તે ૨૬ નો અદદ-આંકડો મુકી શકાય છે.

હવે ઝિંદગીમાં જોઈએ તો ઈન્સાનને ઈલ્મ યા જાણકારી બગૈર ચાલતું નથી, હર ચીઝની થોડી માહિતી હોવી ઝરૂરી થઈ જાય છે. તો KNOWLEDGE ને એના આલ્ફાબેટના આંકડા મુજબ ટોટલ કરીએ તો ૧૧+૧૪+૧૫+૨૩+૧૨+૫+૪+૭+૫=૯૬% થાય હવે ઈલ્મને હાસિલ કરવાના સાથે તેને અમલમાં મુકવા સખત મહેનત પણ એટલી જ ઝરૂરી છે તો HARD WORK ની ગણત્રી કરીએ તો ૮+૧+૧૮+૪+૨૩+૧૫+૧૮+૧૧ = ૯૮% થાય. આ બેવે ચીઝો ૧૦૦% ને ઘણી નઝદીક આવે છે.

ઈલ્મ અને સખત મહેનત સાથે ઝિંદગીમાં બીજા સાથે સુલૂક, વ્યવહાર, વલણ સારૂં હોવું પણ એટલી જ એહમીયત રાખે છે. જાણકારી બધી તરહની રાખતા હોઈયે અને મહેનત પણ કરી જાણતા હોઈયે અને જો સુલૂકમાં કાચા પડી જઈએ તો ઉપરની બે ચીઝો ફીકી પડી જાય. સુલૂક એટલે ATTITUDE. જેની ગણત્રી ૧+૨૦+૨૦+૯+૨૦+૨૧+૪+૫=૧૦૦% થાય. મતલબ કે સારો વ્યવહાર ઈન્સાનની શખ્સીયત પર ચાર ચાંદ લગાડી દે છે. હવે આનાથી આગલ વધીએ તો આ સાથે અલ્લાહતઆલા, પરવરદિગારે આલમની ખુશી, રઝામંદી અને મોહબ્બત તો હોવી જ જોઈએ. એટલે કે LOVE OF GOD, જેની ગણત્રી ૧૨+૧૫+૨૨+૫+૧૫+૬+૭+૧૫+૪ = ૧૦૧% થાય. આનાથી સાબિત થાય છે કે, ઈલ્મ અને મહેનત નઝદીક લઈ આવે અને વ્યવહાર ૧૦૦% પર પહોંચાડે, જ્યારે અલ્લાહતઆલાની મોહબ્બત ઈન્સાનને ૧૦૦% કરતા પણ એક ટકાના ઈઝાફા સાથે કામિયાબ બનાવે છે. ★

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✯ જે ચીઝને હાસિલ કરવામાં વક્ત ગુમાવવો પડે, ઘણી મહેનત કરવી પડે, જોખમી હોય તેની કીમત પણ ભારી હોય. આના વાસ્તે મધની મિસાલ મુનાસિબ છે, જેને અસલી હાલતમાં હાસિલ કરવું નિહાયત દુશ્વાર છે. મધનું નામ આવે તો મધપૂડો, મધમાખી અને તેની રાની તેમજ મધની મીઠાશ તરત જ ઝહેનમાં આવી જાય છે. અપના ઈસ્માઈલી-તૈયેબી અકાઈદ મુજબ મૌલાના અલી (અ.સ.) ના લકબોમાંથી "અમીરૂન નહેલ" અને "યાઅસૂબુલ મુમેનીન" મશહૂર છે અને મુમેનીનને મધમાખી સાથે સરખાવવામાં આવા છે. એટલે મધમાખી જે મુમેનીન છે, તેના સરદાર અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) છે જેના નઝદીક મધ એટલે ઈમાનનો ઝખીરો થાય છે, જમા થાય છે. જેમ મધમાખી પોતાનું એક ખૂબસૂરત ઘર બનાવે છે, તેને સાચવે છે, તેમાં પોતાની મહેનતની મીઠાશ એટલે મધનો ઝખીરો કરે છે અને રાનીના હુકમ ના હર વક્ત તાબએ ફરમાન રહે છે તેમ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ની સરદારીમાં પોતાના આઅમાલે ખૈરની મહેનતથી પોતાના ઈમાનની દિલમાં એક ખૂબસૂરત શિક્લો સૂરત તૈયાર કરે છે, તેને દુશ્મનોના હમલાથી સાચવે છે. મધમાખી પાકીઝા ફૂલોનો રસ ચૂસે છે અને તેનું થુંક મધ બનીને તૈયાર થાય છે, આ જ રીતે અહલુલ બૈત (અ.સ.) ની મોહબ્બત મુમિન રાખે છે તેના સબબ મધ જેવી મીઠી એની ઝબાન તેમજ તૈયેબો તાહિર શિક્લો સૂરત તૈયાર થાય છે.

✯ સૂરતુલ બરાત સિવાય કુરઆને કરીમની હર સૂરત બિસ્મિલ્લાહથી શુરૂ થાય છે. કલામુલ્લાહની બુનિયાદ બિસ્મિલ્લાહ પર રહેલી છે. "સૂરતુલ ફાતેહા" યાઅની અલ્હમ્દોલિલ્લાહ નો બિસ્મિલ્લાહ એક અહમ હિસ્સો છે જેને બીજી આયતો સાથે મીલાવીએ તો સૂરતુલ ફાતેહાની કુલ ૭ આયતો થાય છે જે ૭ નાતિકો (મૌ.આદમ (અ.સ.) થી

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**અલ્લાહ તે શખ્સ પર રહેમત કરજો કે, જે એની ઝબાનને દુરૂસ્ત કરે.**

## -::: અખ્બાર પુર અન્વાર :::-

### -::: જમાઅતના હોનહાર વિદ્યાર્થીઓની હોંસલાઅફઝાઈ :::-

જમાઅતનું મુસ્તકબિલ તેના ભણેલા-પઢેલા સંજીદાહ દુરંદેશ નૌજવાનો પર દારોમદાર રાખે છે. જેમ જિસ્મની તાકત તેની પીઠની મઝબૂતી પર નિર્ભર હોય છે, તેમ હર કૌમની તાકત તેના નૌજવાન તબકાની તાઅલીમની તાકત પર નિર્ભર હોય છે. અલ્લાહતઆલાના ફઝલો કરમથી હમને હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની નૈક હિદાયત નો સીધો રસ્તો મીલેલો છે કે, આજે અપની કૌમમાં હર ફરઝંદ-દુખ્તર પોતાની હૈસીયત મુજબ બેહતરમાં બેહતર તાઅલીમ હાસિલ કરી રહ્યા છે. તાઅલીમની હર ફિલ્ડ યા ફેકલ્ટીમાં અપના મુલ્કમાં હોય યા દુનિયાની કોઈ બીજી જગા હોય સાહબે દાઅવતની ઈજાઝત લઈને આઅલા ડીગ્રી વાસ્તે અને ઉમ્દા કેરીયર બનાવવા અપના જવાનો હિમ્મત કરી રહ્યા છે. કામિયાબીની ડગર પર આગલ કદમરંજા થઈ રહ્યા છે.

કૌમના બચ્ચાઓના અને જવાનોના હોસલા બલંદ થાય અને ઔર તરક્કીની મંઝિલ તય કરે, તે વાસ્તે "અલ્વી યુથ એસોસીએશન" ના અરાકીન વરસોથી હોનહાર Students ને ઈન્આમથી નવાઝી ઈઝઝતઅફઝાઈ કરતા હતા. મગર ચંદ સાલોથી આ પ્રોગ્રામ થઈ ન શકો. લેહાઝા આ પ્રોગ્રામને દોબારહ ઝિંદા કરવા અને વિદ્યાર્થીઓ માં એક નવો જોશ પૈદા કરવા "પંજતની ચેરીટેબલ ટ્રસ્ટ" ના મેમ્બરોએ સાહબે દાઅવતથી રઝા તલબ કીધી. તા.૩ શવ્વાલ ૧૪૨૯, જુમેરાત ના દિન સાંજે બદરી મોહલ્લા, જમાઅતખાનાના પહેલા માલે આ ઈન્આમ-નવાઝીનો પ્રોગ્રામ મુકર્રર કરવામાં આવો. જેમાં અલ્વી કો.ઓ.બેંક તરફથી ખૂબ તઆવુન કરવામાં આવો. માઝૂનુદ્દાઅવત સૈયેદી હાતિમ ઝકીયુદ્દીન સાહબ (દા.મ.) આપની તબીઅત નાસાઝ હોવાના બાવુજૂદ આપ આ પ્રોગ્રામમાં શરીક થયા અને **આપે બેનૂર મજલિસને નૂરાની કરી દીધી, મજલિસની જાનમાં ઇલ્મની જાન નાખી દીધી.** આપની તકરીર બેનમૂન અને બેમિસાલ હતી જેમાં આપે જમાઅતમાં ઈલ્મ તરફ નો ઝૌકો શૌક કેટલો વધી રહ્યો છે તેની વાત કીધી, ફરઝંદો ઊંચી ડીગ્રી હાસિલ કરે તે વાસ્તે તદબીરો કોશિશ કરનાર વાલેદૈનની સિફતો સના કીધી અને હર શોઅબામાં અપના બચ્ચાઓ તાઅલીમ લઈને જમાઅતની નામવરી પૈદા કરી રહ્યા છે તેની ઝિક્રે ખૈર કીધી. આપની તકરીરના હર જુમ્લાને મુમેનીને વધાવી લીધો અને આપે જમાઅતના **તાલિબે ઇલ્મોની કામિયાબી-ઝફરયાબી** વાસ્તે દિલી દોઆઓ ફરમાવી.

ઈન્આમ-નવાઝીની ઈબ્તેદા માઝૂનુદ્દાઅવતના દસ્તે મુબારક પર થઈ જેમાં આપે ગ્રેજ્યુએટ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટને ઈન્આમો ઈકરામથી નવાઝા અને હોંસલાઅફઝાઈ કીધી. તે બાદ પ્રોગ્રામમાં હાઝિર રહેલા ખુસૂસી મહેમાનોએ ધો.૧ થી ધો.૧૨ ના ગુજરાતી તેમજ અંગ્રેજી મીડીયમના તાલિબે ઈલ્મોને તોહફો પૈશ કરી તેમના ઉમ્દા પરફોરમંસ પર ખુશીનો ઈઝહાર કીધો. આ સાથે મદ્રસએ તૈયેબીયાહના ઈમ્તેહાનમાં અવ્વલ દરજા પર આવનાર તમામ બચ્ચાઓની પણ ઈઝઝતઅફઝાઈ કરવામાં આવી.

હમેં, અલ-હાદી દીની અખ્બારનો ઈદારો, પંજતની ચેરીટેબલ ટ્રસ્ટના મેમ્બરોને આ પ્રોગ્રામને તરતીબ આપવા બદલ દિલી મુબારકબાદી પૈશ કરીએ છીએ. જે વક્તથી અલ-હાદી શાયેઅ થયું ત્યારથી હમેં બચ્ચાઓનો હોસલો વધારવા વાસ્તે તેમના ફોટોગ્રાફ છાપી બેહતરીન પરસંટેજ લાવવાની હર સાલ મુબારકબાદી આપીએ છીએ. તો હમેં ખૂબ જાણીએ છીએ કે, કોઈની કામિયાબી વાસ્તે હોંસલાઅફઝાઈ કેટલી એહમીયત રાખે છે. અલ્લાહતઆલા હમારા જવાનોના ખૂનમાં ખિદમતે કૌમનો આ જ મુજબનો જોશ પૈદા કરે અને કૌમની ઈઝઝત વધારવા હર વક્ત હર ફર્દ તદબીરકુન રહે એવી હમારી દિલી ખ્વાહિશ છે. ★

### -::: તાઅલીમના ફાયદા :::-

અલ્લાહતઆલાએ બની આદમ પર ઈલ્મને તલબ કરવું ફરઝ કીધેલું છે. અગર તલબે ઈલ્મ વાસ્તે એને ચીન પણ જાવું પડે તો એ સફરની મહેનતો મશક્કત બરદાશ્ત કરે. ઈલ્મ મુમિનની ખોવાય ગયેલી ચીઝ છે જેને તલાશ કરવી હર હાલતમાં લાઝિમ બને છે. હ.આદમ (અ.સ.) થી લઈને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તક તમામ અંબિયા (અ.સ.) એ તાઅલીમનો સહારો લીધો છે, પણ તમામની તાઅલીમ હાસિલ કરવાની તર્ઝ-તરીકો-શાકેલત

*(બકીયાહ પેજ નં. ૧૪ પર)*

**તે ઈમાન કઈ કામનું નથી જેમાં સબર ન હોય.**

*(પેજ નં. ૧૩ નું બાકી)* ***અખબાર પુર અન્વાર.....***

અલગ અલગ છે. કોઈની તાઅલીમ દાંગ તરફ ઈશારો કરે છે, કોઈની બચ્ચાના પારણા તરફ, કોઈની આસ્માનમાં નીકલતા ચાંદ-સૂરજ તરફ પણ ખત્મુલ મુરસલીન (સ.અ.) ની તાઅલીમ આપના બચપણામાં બે ફરિશ્તાઓએ આવીને આપની છાતી ચીરી, દિલની કાલેકને નીકાલી અને ઈલાહી તાઅલીમના માદ્દાથી આપને માલામાલ કીધા એ તરફ ઈશારો કરે છે. ઈદુલ ફિત્રના શાદમાનીના મૌકા પર જનાબ માઝૂનુદાઅવત સૈયેદી હાતિમ ઝકીયુદીન સાહબે (દા.મ.) આપની મુખ્તસર તકરીરમાં તાઅલીમના ફાયદાઓની નુક્તા-બયાની દિલકશ અને ફસીહ અલ્ફાઝમાં ફરમાવી.

આપે મુમેનીનનું ધ્યાન અપાવું કે, નૈક તરબીયત અને તાઅલીમ હશે તો મીઝાજમાં-ખસલતમાં અદબ, તહઝીબ અને તસ્લીમનો ઉમેરો થાશે. જે ઈલ્મનો તાલિબ અદબના ઝૈવર અને લિબાસથી આરાસ્તા થાશે એનામાં બુઝુર્ગોની, વાલેદૈનની અને તેના ઉસ્તાદ-મોઅલ્લિમની તાઅઝીમ, તકરીમ અને ઈઝઝતનો જઝબો પૈદા થાશે. જે શખ્સ આ તરહની તાઅલીમની સબબ ઈઝઝતની ડગર પર પહોંચો તેના દિલમાં પસમાંદા નીચલા તબકાના હાજિતમંદ મુમેનીનની હાજતરવાઈ, ખિદમત અને ફૈઝ પહોંચાવવાનો વલવલો ઉજાગર થાશે. **જેના દિલમાં ખિદમત અને ફૈઝ પહોંચાવવાની નિય્યત હશે તે હકીકતન વલીયુલ્લાહ દાઇએ હક્કની નઝરમાં મેહબૂબ અને અઝીઝ થાશે.**

તાઅલીમના ફાયદાની આ સફર અલ્લાહતઆલાએ અલવી મુમેનીનને વાસ્તે ખાસ કીધેલી છે, જેમાં દીન અને દુનિયા બેહતર તરીકાથી સઁવારવાનો તમામ ઈન્તેઝામ રહેલો છે. માઝૂનુદાઅવતે પોતાના બયાનના આખિરી કલામમાં એમ અદા કીધું કે, જમાઅતના હોનહાર ફરઝંદો જે મુલ્કથી બાહર તાઅલીમના ઈરાદાથી જાય છે તેઓને પોતાના ફિરકા અને કૌમની હકીકતની તારીખ, અકીદાની માઅલૂમાત અને રસ્મો રિવાજ તેમજ દોઆતે હક્કના વતીરા-તરીકાને સાચવી રાખવો જોઈએ. **ઇસ્માઇલી-તૈયેબી મઝહબ એક દાએરામાં છે** જે દાએરાની લીમીટ-હદથી તજાવુઝ કરવું, બાહર નીકલવું અલ્લાહતઆલાના ફરમાનની ખુલ્લી ખિલાફવરઝી છે. અપના ઈમામો એ આ દાએરામાં રહીને જ હક્કનો મઝહબ સાચવવાની નસીહત ફરમાવેલી છે. તેથી જમાઅતના બચ્ચાઓ જે જગા પર પણ જાય અને કૌમી નિશાન બલંદ કરે તો એમના વાસ્તે વાજિબ છે કે, પોતાની અસ્લીયત, સચ્ચાઈની અસાસને બીજાઓમાં ખલત-મલત થઈને હરગિઝ ન ગુમાવે. બાઝ અહમક અને બેવુકૂફ લોગો એમ કહે છે કે, **જેવો દેશ તેવો વેશ** હોવો જોઈએ બલ્કે આ સોચ મુમેનીન વાસ્તે જાઈઝ નથી. પણ એ ચીઝ સહી છે કે, **"અપના અકીદા છોડો મત ઔર દૂસરો કા છેડો મત."** ★

---

*(પેજ નં. ૧૧ નું બાકી)* ***સૈ.શૈખ આદમ .....***

ઝઈફીના સબબ કરમ ફરમાવીએ કે તે આપની ખિદમત કરે અને આપના હુકમને બજા લાવે. સૈયદના એ ફરમાવું કે, અય અલી! આપ અગર એનાથી રાઝી હોવ તો આ કિતાબ પઢાવવામાં આપની રઝામંદી માં જ મારી રઝામંદી છે. તો આ વાકેઓ દલાલત કરે છે કે, આપની રઝા સૈયેદનાની રઝા છે, આપનો ગુસ્સો એમનો ગુસ્સો છે, આપની મોહબ્બત એમની મોહબ્બત છે, આપની અદાવત એમની અદાવત છે, આપની નાફરમાની એમની નાફરમાની છે. જુમ્લા તૌર પર સૈ.સફીયુદીન સાહબની તાઅત સૈ.અલીની તાઅત છે. આ મુનાસેબત અને ઈશારો એની તરફ જ હોય કે, જેને સૈયેદનાએ આપના મકામમાં કાઈમ કીધા હોય. બેશક ગુમ્રાહ લોગોની આઁખ અંધી નથી થઈ ગઈ, પણ એના દીલોને અંધાપો લાગેલો છે કે જે સીનાઓમાં કૈદ છે. કિતાબ **"અલ મબ્દા વલ મઆદ"** પઢા બાદ તૈયેબજીએ સૈ.અલી પાસે **"રિસાલા ઇઝાહે બયાન"** ને પઢવાની રઝા માંગી પણ સૈ.અલીએ તે વાસ્તે ઈન્કાર કરી દીધો. સબબ કે આ રિસાલો તે જ સાહબ પઢી શકે જેના ઉપર નસ થઈ હોય. સૈયેદના (ક.રૂ.) આવા અઝીમુલ કદ્ર રિસાલાને પઢવાનો હુકમ કરે જ નહી જે ગૈર અહલ અને નાકાબિલ હોય. આ વાત પર તૈયેબજીએ સૈ.અલી સાથે મોટો ઝઘડો કીધો જેની સૈયેદના (ક.રૂ.) ને ખબર પહોંચી. સૈયેદના (ક.રૂ.) આ બનાવથી ઘણા ખફા થયા અને તૈયેબજીને એની હૈસીયતનો એહસાસ કરાવી દીધો. આ કિતાબ આજે દાઅવતના ખઝાનામાં મૌજૂદ છે જે સૈયેદના દાઉદજી બિન કુતુબશાહ (ક.રૂ.) ના ઝમાનામાં લખાયો હતો. ★

**બુઝુર્ગની રાઈ, જવાનની તાકત મુજબ છે.**


## -::: ઝાહેર ખબર :::-

**ડૉ. રોશનઅલી વ્હોરા** એમ.એસ. (ઇ.એન.ટી.)
**નાક, કાન અને ગલાના સર્જન**
**શિફા નર્સીંગ હોમ,**
એકતા ભવનના બાજુમાં, પાણીગેટ, વડોદરા.
ટાઇમ : બુધ-શનિ : ૬ થી ૮ સાંજે
રવિવાર : ૧૧ થી ૧૨ સવારે
(અગાઉથી એપોઇન્ટમેન્ટ લઇને આવવું.)
ફોન : ૨૫૭૦૩૩૮ ★

Ismat Madam's
**Genius Personal Tuition Class**
Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)
**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**
103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146 ★

**ઝૈનબીયા મોબાઇલ્સ**
જૂના તથા નવા મોબાઇલની લે-વેચ કરનાર.
દરેક પ્રકારના મોબાઇલ રિપેરીંગ કરી આપવામાં આવશે.
ડાઉનલોડીંગ, ફ્લેશીંગ તથા અનલોકીંગ વાસ્તે મીલો...
**અદનાન મુસ્લીવાલા**
મુસ્લીવાલાની ગલીમાં, મરકઝે હુસૈની હોલ,
બદરી મોહલ્લા, વાડી, વડોદરા-૧૭.
મો.: ૯૭૨૭૫૫૭૦૫૨. ★


## -::: ઈઝઝતઅફઝાઈ :::-



**ડૉ. તાહેરઅલી બાકરોલવાલા** M.B.B.S. (લુણાવાડા) તા.૧૫/૫/૦૮ ના દિન "સંકલ્પ જ્યોત રથયાત્રા" ના પ્રોગ્રામમાં લુણાવાડા નગરપાલિકા તરફથી ડૉ.સાહેબની ઇઝ્ઝતઅફઝાઇ કરવામાં આવી હતી. આ ભાઇ અપની જમાઅતના એક વાહિદ M.B.B.S. છે જે વરસોથી લુણાવાડામાં મેડીકલ ખિદમત અંજામ આપી રહ્યા છે. હમેં એમને દિલી મુબારકબાદી આપીએ છીએ અને ઉમ્મીદ રાખીએ છીએ હમારા જવાનો હમારા બુઝુર્ગોના નકશે કદમ પર ચાલી ખિદમતે મિલ્લત લઇ ઉઠે. ★

## -::: તસ્હીલુન નિસ્બત :::-
### નિસ્બતને સહેલ કરવાની તદબીર

**દિકરાઓ :**

(૧) નામ : અનીસભાઇ ઝૈનુદ્દીન ઊમલ્લાવાલા (સુરતી)
ઉંમર : ૨૭ વરસ
ભણતર : HSC (Computer Course કીધેલો છે.)
સરનામું : ઊમલ્લા.
કામકાજ : પોતાની દુકાન (કટલરી)
માસિક આવક : ૨૦ હઝાર
તજવીઝ : ઘરેલું નેક અખ્લાક દિકરી.

ઉપર આપવામાં આવેલી વિગતો હમને અરઝદારે આપેલી છે. મુમેનીન કોઇ પણ અરઝદારને સાથે વાત કરતા પહેલા જો એની પહેચાન જાણવા માંગતા હોય તો હમારા ફોન નં.: ૦૨૬૫-૨૫૮૦૨૭૭ (ભાઇસાહેબ કમ્બરઅલી) પર બપોરે ૩:૩૦ થી ૪:૩૦ તક જાણી શકશે. મુમેનીન અરઝદારને એના આપેલા ફોન પર ઝાતી કોન્ટેક્ટ પણ કરી શકે છે. રિશ્તો કરવા વાસ્તે કોઇ પણ નતીજા પર આવતા પહેલા મુમેનીનને અરઝદારની વિગતની તેહકીકાત ઝાતી તૌર પર કરવાની રહેશે.

આ કોલમમાં નિસ્બત વાસ્તે અરઝ આપવી હોય તો રૂબરૂમાં લેખિતમાં હમારૂં ફોર્મ ભરીને ભાઇસાહેબ કમ્બરઅલી ભાઇ (ન્યૂ ઓપ્ટીક હાઉસ, ચોખંડી) ને આપવાની રહેશે. અરઝદાર જો પોતાની અરઝને નામ સાથે છાપવા માંગતા હોય તો એ પણ હમેં કુબૂલ કરીશું. વડોદરાથી બાહર રહેતા મુમેનીન પોતાના રિશ્તેદારો ના ઝરીએ અરઝ આપી શકે છે. અરઝ આપવાનો હદીયો રૂા.૫૦/- મુકર્રર કરવામાં આવો છે. મહીનાની ૧૦ તારીખ પહેલા અરઝ મોકલવા મુમેનીનને દિલી ગુઝારિશ કરવામાં આવે છે. ★

## -::: ઝાહેર ખબર વાસ્તે :::-

હમારા અઝીઝ કારેઇનને આ ખબર આપતા ઘણી મસર્રત થાય છે કે, હવેથી મુમેનીન પોતાના વેપાર, દુકાન, કારખાના, ઘરેલુ હુનર, ફનકારી યા કોઇ સ્પેશીયલ આઇટમ બનાવવામાં કારીગરી રાખતો હોય તેની ઝાહેરાત - **Advertisement** "અલ-હાદી" અખ્બારમાં આપી શકશે. **Advertisement** ની પૂરી વિગત મહીનાની ૧૫ તારીખ પહેલા હમારા એડ્રેસ પર હમને મીલી જાવી જોઇએ.

| ઝાહેરાતની સાઇઝ : **3 x 2 Inches** (Approx.) |
|---|
| **3** મહીના : **150/- Rs.** |
| **6** મહીના : **300/- Rs.** |
| **1** વરસ : **600/- Rs.** ★ |

**દીનમાં ન તો ખયાનત છે, ન તો જૂઠ છે.**

## હિકમતના લોગો વાસ્તે –::: " હકીમસાબ " ના નુસ્ખા :::–

### ચૂંક - (Colic)

- ✶ Colic (ચૂંક) આવવી યાઅની બચ્ચાને પેટમાં થોડી થોડી વાર રહીને સખત દર્દ થવું જેના સબબ બચ્ચુ વારંવાર રોયા કરે. ચૂંક આવવાથી બચ્ચાને પેટમાં બેચૈની થાય છે અને કોઇ પણ Position માં બચ્ચુ આરામ કરી શકતું નથી. ચૂંક ની શુરૂઆત બચ્ચાની વિલાદતના થોડા અય્યામ બાદ થાય છે અને તકરીબન ૩-૫ મહીનાની ઉંમર તક રહે છે. અગર બચ્ચાને કબઝીયાત હોય તો ચૂંકની તકલીફ ઝિયાદહ થઇ જાય છે.
- ✶ બચ્ચાં ના આંતરડા (Intestines) માં વારંવાર સંકુચન (Contraction) થાવાથી ચૂંક આવે છે અને દર્દ મહેસૂસ થાય છે. વધારે પડતો ગેસ થવો યા કબ્ઝીયાત થવાથી પણ ચૂંક આવે છે.
- ✶ ચૂંક ની તકલીફથી બચ્ચાની ભૂખ યા એના Progress પર કોઇ અસર પડતો નથી. આમ તૌર પર બચ્ચાંને દૂધ પીવડાવવા બાદ યા જમા બાદ ચૂંક આવતી હોય છે.
- ✶ ચૂંક ની તકલીફ ને કમ કરવાને વાસ્તે બચ્ચાને થોડું થોડુ મગર વધારે વક્ત દૂધ આપવું. અગર માઁ પોતાનુ દૂધ આપતા હોય તો પોતાના ખોરાક પર નઝર કરે અને એવી ચીઝ કે જેથી ગેસ થતો હોય તેના જમવાથી પરહેઝ કરે.
- ✶ દૂધ પીવડાવતી વક્ત ઝિયાદહ મિકદારમાં હવા ગળી જવાથી ગેસ થાય છે જેથી ચૂંક આવે છે. દૂધ પીવડાવવા વાસ્તે સુકૂન અને આરામદાયક માહૌલ હોવો ઝરૂરી છે. બચ્ચુ અગર રોતુ હોય તો એ હાલતમાં દૂધ આપવું નહીં.
- ✶ અગર બચ્ચુ ઉપરનું દૂધ લેતુ હોય તો એનો Milk Formula બદલીને ચકાસી લેવું.

હોમીયોપેથીક દવાઓ :-

(૧) Chamomilla 200 - અગર બચ્ચાને કોઇ હાલતમાં આરામ ન મીલતો હોય અને વધારે વક્ત માઁ ના ખભા પર રહેવું પસંદ કરતું હોય તો આ દવા આપવી. 3 globules 1 ચમચી પાનીમાં મીલાવી ને દીવસમાં ૪-૫ વક્ત આપવી.

(૨) Colocynthis 200 - અગર બચ્ચાને પેટ પર ઝોર લગાવવાથી આરામ મીલતો હોય તો આ દવા આપવી. 3 globules 1 ચમચી પાનીમાં મીલાવી ને દીવસમાં ૪-૫ વક્ત આપવી.

- ✶ અગર આ દવાઓ થી ફરક ન પડે તો ડૉક્ટર ને પાસે જાવું ઝરૂરી છે.
- ✶ આ ચીઝના સિલસિલામાં વધારે માહિતી જોઇતી હોય યા બચ્ચાને ઝાતી તૌર પર ડોકટરની મુલાકાત વાસ્તે લઇ જાવાની ઝરૂરત પૈશ આવે તો ડોકટર સાહબના મો.નં.: ૯૯૨૫૮૪૪૫૯૯ પર એપોઇન્ટમેન્ટ લઇ શકાય છે. ★

✶ **આજવા રોડ** પર ક્લીનીકનો વક્ત :
જુમોઆ : સાંજે ૫ થી ૭
રવિવાર : સવારે ૧૦ થી ૧૨
સરનામું : આરામ કલીનિક, તાજ કોમ્પ્લેક્ષ કમ્પાઉન્ડ, આજવા રોડ.

✶ **બદરી મોહલ્લા**, રાહત દવાખાનું :
જુમોઆ : સવારે ૧૦ થી ૧૧:૩૦

✶ **જહાંગીર પૂરા**, ધર્મજવાલા ફીઝીયોથેરાપી સેન્ટર
મંગલવાર : સવારે ૧૧ થી ૧
જુમેરાત : સવારે ૧૧ થી ૧ ★

**✥✥✥ સદકો એક કામિયાબ દવા છે ✥✥✥**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /– (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.
મુંબઇમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઇ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★